**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૨૨/૧૨/૨૦૧૪ સોમવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી ૩૦૯૭/૧૪**

**"લૂંટ કરતી છારા ગેંગના સાગરીતો નિલેષ ઉર્ફે કાલા તથા લૂંટ કરવા માટે ટીપ આપનાર કપીલ સિન્ધીને લૂંટમાંથી મેળવેલ તમામ રોકડ નાણાં રૂ.૪,૬૦,૦૦૦/- તથા ગુન્હામાં વાપરેલ મોટર સાયકલ સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ પોલીસ"**

અમદાવાદ શહેર વિસ્તારમાં હાલમાં બનેલ લૂંટ તેમજ ચીલઝડપના બનેલ ગુન્હાઓ શોધી કાઢવા સારુ અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રી, શિવાનંદ ઝા સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, એ.કે.શર્મા સાહેબ ક્રાઇમ બ્રાન્ચ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ પોલીસ ઇન્સ્પેકટર શ્રી આર.બી.રાણા તથા પો.સ.ઇ.શ્રીઓ તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમાં હતા અને પેટ્રોલીંગ દરમ્યાન ફરતા ફરતા કુબેરનગર 'અફ' વોર્ડ, કેવલ ક્યોરી સામે આવતા હે.કો.અજયકુમાર જાબરમલ નાઓને મળેલ બાતમી હકિકત આધારે હાલમાં પાંચેક દિવસ પહેલા નરોડા ખાતે થયેલ ચીલ ઝડપના આરોપીઓ નિલેષ ઉર્ફે કાલા પૃથ્વીસિંહ મિનેકર (છારા) રહે. છારાનગર કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર તથા કપીલ S/o મનહરલાલ હાસાણી(સિંધી) રહેવાસીઃ "એ" વોર્ડ, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેરનાઓને ઝડપી લઇ તેઓની પાસેથી લુંટ માં ગયેલ તમામ રોકડ નાણાં રૂ.૪,૬૦,૦૦૦/- તથા ગુન્હામાં વપરાયેલ ડીસ્કવર બાઇક કબ્જે કરેલ છે

સદર બન્ને આરોપીઓની ઘનિષ્ઠ પુછપરછ કરતા આરોપીઓ પાસેથી ચોકાવનાર હકિકત જાણવા મળેલ આરોપી કપીલ રેવડી બજાર ખાતે કાપડની દલાલી કરતો હોય તથા ફરીયાદી એમ.યુ.માર્કેટ ખાતે ચેક પર નાણા આપી શરાફીનો ધંધો કરતા હોય આરોપીએ અગાઉ ફરીયાદી પાસે નાણા લેવા સારુ તેઓની ઓફીસે અવાર નવાર જતો હોય અને ફરીયાદી પોતાની ઓફીસ બંધ કરી મોટી રકમ સાથે ઘરે જતા હોવાની માહીતી કપીલે મેળવી તેઓના જ્વાના રસ્તાની રેકી કરી તેઓને લુંટી લેવા સારુ પોતાના મિત્ર પરેશ તમાયચેને ટીપ આપેલ.

કપીલે આપેલ ટીપના આધારે મુખ્ય સુત્રધાર પરેશ તમાયચે તેના સાગરીત નિલેશ ઉર્ફે કાલા સાથે મળી સંપુર્ણ રેકી કરી ફરીયાદી પોતાની ઓફીસ બંધ કરી મોટર સાયકલ સાથે નાણા ભરેલ બેગ સાથે ઘરે જ્વા નીકળેલ ત્યારે તેઓનો ડીસ્કવર બાઇક થી પીછો કરેલ. અને નરોડા સૈજપુર બોઘા ખાતે આવતા પરેશે ફરીયાદીના નાણા સાથે ની બેગ લુટી ઘટનાને અંજામ આપેલ. આ ઘટનામાં તેની સાથે મદદમાં કાલુ પાતળો તથા જગદીશ દાજી નાઓને સાથે રાખેલ. પકડાયેલ આરોપી પૈકી નિલેશ ઉર્ફે કાલા અગાઉ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં કાર નો કાચ તોડી ચોરી કરવાના ગુન્હામાં પકડાઇ ગયેલ છે. હાલ આરોપીની વધુ પુછપરછ ચાલુ છે. વધુ ગુન્હાઓનો ભેદ ઉકેલવાની શકયતા છે.

**<u>વટવા પોલીસ સ્ટેશન :-</u>**

વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૩૪૪/૧૪ ૩૭૬,૩૨૩,૪૨૦,૩૪ તથા પોક્સો એક્ટ ૨૦૧૨ ની કલમ ૩,૪ મુજબના કામના આરોપી સતીષ સ/ઓ અછયા એન્નયા ગજની રહેવાસી.૨૭૫ કલ્યાણ રોડ નવીબસ્તી માધ્યમીક વિધ્યાલય નવી બસ્તી ટેમધર તલાક તા.ભીવાડી જી ઠાણે નાને સીની. પો.ઇન્સ.શ્રી એચ.જે.ચૌધરી સા.નાઓએ તા.૨૧/૧૨/૨૦૧૪ ના કલાક ૧૪/૧૫ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. હાલમાં તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.